# મોદીનો જય જયકાર

## એન.ડી.એ.ની ઐતિહાસિક જીત : યુપીએનો સફાયો





**મોદીની વિપક્ષ પર 'સર્જિકલ સ્ટ્રાઇક': સપા-બસપા ગઠબંધન, ટીએમસી, મહાગઠબંધન ધરાશયી : ભાજપે એકલા ૩૦૦ સીટ મેળવીને ઇતિહાસ રચ્યો : ભાજપ ૨૯૨+ સાથે સમગ્ર એનડીએ ૩૪૬, યૂપીએને ૮૬ તો અન્યને ૧૧૦ બેઠકો**

નવી દિલ્હી, તા.૨૩

લોકસભાની ચૂંટણી માટે આજે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ મોદીની સુનામી વચ્ચે રાજકીય પક્ષોનો સંપૂર્ણ સફાયો થયો હતો. હિન્દી પટ્ટાના રાજ્યો ઉપરાંત દેશના અન્ય રાજ્યોમાં પણ શાનદાર દેખાવ સાથે ભારતીય જનતા પાર્ટીએ સત્તામાં રેકોર્ડ જીત સાથે ફરીવાર વાપસી કરી છે. મોદી લહેર આ વખતે સુનામીમાં ફેરવાઈને વિરોધીઓના સપનાને ચકનાચૂર કરી દીધા છે. આ વખતે ભારતીય જનતા પાર્ટીએ પોતાની તાકાત ઉપર ૩૦૦થી વધુ સીટો જીતી લીધી છે જ્યારે એનડીએની બેઠકોની સંખ્યા ૩૫૦ સુધી પહોંચી છે. એક્ઝિટ પોલના તારણ કરતા પણ વધુ શાનદાર ભારતીય જનતા પાર્ટી કરી શકી છે. ઉત્તરપ્રદેશમાં માયાવતી અને અખિલેશ યાદવના મહાગઠબંધનની યોજના પણ ફ્લોપ સાબિત થઈ છે. બીજી બીજુ બિહારમાં કોંગ્રેસ અને આરજેડીના ગઠબંધનને પણ કોઈ સફળતા હાથ

● અનુસંધાન પાન-૫ પર

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૭૩ | ૨૪ મે, ૨૦૧૯, શુક્રવાર; વૈશાખ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## લોકસભામાં કોંગ્રેસના કારમા પરાજયની જવાબદારી સ્વિકારતા રાહુલ ગાંધી

**મોદી અને ભાજપને શાનદાર જીત બદલ શુભેચ્છા પાઠવી : ચૂંટણી પરિણામોને લઇને કોઇપણ પ્રકારના પ્રશ્નો ઉઠાવવા પણ રાહુલે સ્પષ્ટ ઇનકાર કરી દીધો**



નવીદિલ્હી, તા. ૨૩

લોકસભાની ચૂંટણીમાં કારમી હારનો સામનો કર્યા બાદ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ સાંજે મિડિયા સાથે વાતચીત કરી હતી અને પાર્ટીના ખરાબ પ્રદર્શન માટેની જવાબદારી સ્વીકારી હતી. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, આ બે વિચારધારાની લડાઈ છે. અમે બે જુદી જુદી વિચારધારા છીએ પરંતુ આ માનવાની બાબત છે કે, આ ચૂંટણીમાં નરેન્દ્ર મોદી અને ભાજપ જીત્યા છે. તેઓ તેમને અભિનંદન આપે છે. ચૂંટણી પરિણામની જાહેરાત પહેલા જ રાહુલ ગાંધીએ પરંપરાગત અમેઠીમાં પોતાની હારને પણ સ્વીકારી લીધી હતી અને સ્મૃતિ ઈરાનીને શુભેચ્છા પાઠવી હતી. આની સાથે જ રાહુલ ગાંધીએ પરિણામોને લઈને કોઈપણ પ્રકારના પ્રશ્નો ઉઠાવવાનો ઈનકાર કર્યો હતો અને કહ્યું હતું કે, તેઓ દેશના લોકોના નિર્ણય ઉપર કોઈ પ્રશ્ન ઉઠાવવા માંગતા નથી. જે જનાદેશ આપવામાં આવ્યો છે તેનું સન્માન કરે છે. બેરોજગારી અને ઈકોનોમિ જેવા મુદ્દાનો વધારે મહત્વ આપવાને ભુલ તરીકે ગણે છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા રાહુલે કહ્યું હતું કે, આજે તેઓ આ બાબત કરવા માંગતા નથી. આજે સમય આ વાત કરવાનો નથી.

પત્રકાર પરિષદ દરમિયાન રાહુલ ગાંધીએ હારની જવાબદારી પણ સ્વીકારી હતી અને કહ્યું હતું કે, તેઓ પરાજયની ૧૦૦ ટકા જવાબદારી સ્વીકારે છે. કોંગ્રેસની રાજનીતિને હકારાત્મક તરીકે ગણાવીને રાહુલે કહ્યું હતું કે, ચૂંટણી પ્રચારની પ્રક્રિયા ખુબ લાંબી ચાલી હતી. તેઓએ એક લાઈન રાખી હતી જેના ભાગરુપે ખોટા શબ્દનો ઉપયોગ કરવામાં આવશે તો પ્રેમથી જવાબ આપશે. કાર્યકરોનો ઉત્સાહ વધારતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, કાર્યકરોને ચિંતા કરવાની જરૂર નથી. ખુબ સારી લડત ચલાવવામાં આવી હતી.





